# ટપક

E-MAGAZINE

Volume 3, Issue 4

July

2025



૨૬ – ઓમનગર (૩), જી.આઇ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત


૧૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ શેખ પીપરિયા અને ચિતલ ગામમાં આજીવિકા અને ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમના તાલીમાર્થીઓ માટે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડીડીએમ નાબાર્ડ, સીસીએફસીએફના સુગંધાબેન અને સંસ્થાના ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા અને તાલીમાર્થીઓને પ્રેરણા આપી હતી.



**IRMA ના ૧૨ વિદ્યાર્થીઓ ગ્રામીણ ઈન્ટર્નશિપ માટે સંસ્થામાં આવ્યા હતા. તેમને ચારના જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા અને ઈન્ટર્નશિપના સમયગાળા દરમિયાન તેઓ પ્રોજેક્ટના ગામોમાં ખેડૂત પરિવારો સાથે રહી શીખવાની પ્રક્રિયાઓમાં જોડાયા હતા.**







“એક ખેડૂત એક વૃક્ષ” અભિયાન હેઠળ અમે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના કાર્યક્ષેત્રમાં ૨૧૭૫૦ રોપાઓ વાવવામાં આવ્યા. ગોંડલ ક્લસ્ટરમાં પણ દેરડી ગામમાં વૃક્ષારોપણ પૂર્ણ થયું, જ્યાં ૨ હેક્ટર જમીનમાં આશરે ૩૨૦૦ રોપાઓ વાવવામાં આવ્યા. IADLE પ્રોજેક્ટમાં ૮૯ નાળિયેરના રોપાઓનું વિતરણ અને વાવેતર કરવામાં આવ્યું. સંસ્થાની આ પહેલનો હેતુ સ્થાનિક ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવાનો છે. નવા વાવેલા વૃક્ષો જમીનને સ્થિર કરવામાં અને ધોવાણ ઘટાડવામાં મદદ કરશે. સમય જતાં, સુધારેલી હરિયાળી વધતી જૈવવિવિધતાને ટેકો આપશે.









**આયોજિત પ્રવૃત્તિઓ મુજબ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ક્ષેત્ર વિસ્તારોમાં જેન્ડર મીટીંગ, આંગણવાડી મુલાકાત, ખેડૂતો માટે વાવણી પછીની તાલીમ, સાપસીડીની રમત, મહિલા ખેડૂતોની મુલાકાત, HHP જંતુનાશકો અને નીંદણનાશકોનો ઉપયોગ ટાળવા માટે ઝુંબેશ, એલજી મીટિંગ અને તાલીમ, ઉદ્યોગસાહસિક મુલાકાત, મજૂર મીટિંગ, કોટનકનેક્ટ સપોર્ટ મુલાકાત, ઈનપુટ સેન્ટર સ્થાપના અને અન્ય ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.**























**૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ઉના ખાતે INGJ14 અને INGJ27 અને IADLE પ્રોજેક્ટ માટે ત્રિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૨૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ અમરેલી ઓફિસ ખાતે ચિતલ, લાઠી અને ખાંભા ક્લસ્ટરની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.**







**૩ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, કોટનકનેક્ટમાંથી શ્રી હેમંત ઠાકરે INGJ45 ની ટીમ સાથે બેઠક યોજી હતી.**






**પ્રોજેક્ટની ચાલુ પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવા માટે ૫ જુલાઈ ૨૦૨૫ના રોજ લીડર ટીમની દ્વિ-સાપ્તાહિક ઓનલાઈન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.**




**મગ, સૂર્યમુખી, યલો સ્ટીકી ટ્રેપ, ફેરોમોન ટ્રેપ, બેવેરિયા બાસિયાના અને એનપીકે કન્સોર્ટિયા વગેરે માટે ૧૨૬ રીજનરેટીવ નિદર્શનો યોજવામાં આવ્યા. IADLE ટીમ દ્વારા ૨૦૦ ખેડૂતો માટે આઈએનએમ / આઈપીએમ નિદર્શન પ્રવૃત્તિઓનું પણ આયોજન કરેલ છે. આ ઉપરાંત પશુ આરોગ્ય કેમ્પ માટે ૨૯૪ લાભાર્થીઓની યાદી બનાવવામાં આવી.**



ટપક E-MAGAZINE
Volume 3, Issue 4
July 2025

## IADLE પ્રોજેક્ટ ટીમ માટે IPDM પર ક્ષમતા નિર્માણ તાલીમનું આયોજન ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ ઉના ઓફિસમાં કરવામાં આવ્યું હતું.



## ગોંડલ ક્લસ્ટરના ૧૦ ગામોમાં આબોહવા પરિવર્તન, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ અને સેન્દ્રિય ખેતી અંગે જન જાગૃતિ કાર્યક્રમ પૂર્ણ થયો. જેમાં લગભગ ૫૯૨ લોકોએ ભાગ લીધો.









## GPDP તાલીમ

ગ્રામ્ય સ્તરે આબોહવા અનુકૂલન પર GPDP વિકાસ આયોજન યોજના 3 ગામોમાં પૂર્ણ થઈ. આ બેઠકમાં પંચાયત સમિતિ, સમુદાયના નેતાઓ, VDC સમિતિ અને ૧૩૬ ગ્રામજનો સહભાગી થયા હતા. ગામની સમસ્યાઓ જેમ કે કૃષિ, કુદરતી સંસાધન સિંચાઈ, પીવાના પાણી અને અન્ય સમસ્યાઓ અને તેના ઉકેલ અંગે ચર્ચા કરવામાં આવી હતી.




## ચેકડેમ સમારકામ

બે ચેકડેમ સંબંધિત કામો સફળતાપૂર્વક પૂર્ણ થયા. આ પ્રવૃતિથી ગ્રામીણ વિસ્તારની પાણીની ઉપલબ્ધતામાં વધારો થશે અને કૃષિ આધારિત પ્રવૃત્તિઓને ટેકો આપશે. સ્થાનિક જન સમુદાયની સક્રિય ભાગીદારી દ્વારા થયેલ આ કાર્ય ગ્રામીણ વિકાસનું પ્રશંસનીય ઉદાહરણ છે.






ટપક E-MAGAZINE

Volume 3, Issue 4

July 2025

## કૃષિ પ્રદર્શન

**ગોંડલ ક્લસ્ટરમાં આ પહેલ હેઠળ કુલ ૩૨૪ ખેડૂતો (૨૩૪.૬ હેક્ટર) આવરી લેવામાં આવ્યા છે. સંસ્થાએ IPM પ્રથાઓ માટે સોલાર લાઈટ ટ્રેપ અને મગફળી સાથે મિશ્ર પાક માટે વટાણાનું બિયારણ પૂરું પાડ્યું છે. વરસાદની અછત દરમિયાન ખેડૂતો મગફળીમાં આંતર પાક તરીકે વટાણાના પાકનો લાભ મેળવી શકે છે.**





**ગોંડલ ક્લસ્ટરના ૧૧ ગામોમાં ખેડૂતો માટે કૃષિ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૫૬ ખેડૂતોએ ભાગ લીધો હતો.**











ટપક E-MAGAZINE

Volume 3, Issue 4

July 2025

## ફૂડ બાસ્કેટનું વૈવિધ્યીકરણ

**સંસ્થાએ ૧૪૭ પરિવારોને પોષણ કીટ પૂરી પાડી હતી આ કીટ ઘરગથ્થુ પોષણ અને આરોગ્ય સુધારવા માટે મદદ કરે છે. સંસ્થાના આ પ્રયાસનો હેતુ સંતુલિત આહાર અને પોષણની જરૂરિયાતો વિશે જાગૃતિ લાવવાનો હતો. આ પહેલ ગોંડલ ક્લસ્ટરના ૮ ગામોમાં લાગુ કરવામાં આવી હતી.**




**સમુદાય આધારિત પાણી બજેટની તૈયારી પર હેન્ડ્સ - ઓન તાલીમ અને CSO ભાગીદારીની ક્ષમતા નિર્માણ તા. ૨૯ મી જુલાઈ થી 31 મી જુલાઈ ૨૦૨૫ના રોજ DSC મુખ્ય કચેરી, અમદાવાદ ખાતે યોજાયેલ જેમાં સંસ્થા માંથી રમેશભાઈ સોલંકી, વશરામભાઈ સોલંકી, મનસુખભાઈ વેગડએ ભાગ લીધેલ.**









## વિણાબેન ઠાકુર દ્વારા તા. ૧૮/૦૭/૨૦૨૫ના રોજ જેન્ડર અને આજીવિકા સંદર્ભે ચિતલ ક્લસ્ટર ઓફીસ ખાતે કમિટીના સભ્યો સાથે બેઠક યોજવામાં આવી તેમજ અમરેલી ઓફીસ ખાતે ટીમ મીટીંગ અને સપોર્ટ વિઝીટ કરવામાં આવી.



## ૨૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ ચિતલ, લાઠી અને ખંભા ક્લસ્ટર્સની PU સ્તર માસિક બેઠક અને ત્રીમાસિક અમરેલી જિલ્લા સ્તરે બેઠક યોજાઈ.



Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

2023 TOP-RATED GREATNONPROFITS NONPROFIT

GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org